બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# અગ્નિનો માણસ

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

અનુકૂલન : E. Frischbutter

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈસ્રાએલ લોકો માટે સઘળું ખરાબ દેખાતું હતું. રાજા અને રાણી બંનેએ ઈશ્વરની ધૃણા કરી હતી. કેટલો ખરાબ નમૂનો કહેવાય! તે પછી તરત જ લોકોએ પણ ઈશ્વરની ધૃણા કરી ને જૂઠા દેવોની ઉપાસના કરી. શું કોઈએ ઈશ્વર પર પ્રેમ કર્યો?



હા, ત્યાં થોડા વફાદાર ઈશ્વરભક્ત ઉપાસક હતા. એક દિવસે ઈશ્વરે તેઓમાંથી એક, જેનું નામ એલીયાહ હતું તેની સાથે વાત કરી.



એલીયાહે આહાબ રાજા જે ભૂંડો હતો તેને કહ્યું કે, “જ્યાં ઈસ્રાએલનો દેવ જીવે છે. ત્યાં મારા શબ્દ વગર ઘણા વર્ષો સુધી ઝાકળ કે વરસાદ જોવા મળશે નહીં.” આનો અર્થ છે દુકાળ! ઈશ્વર પોતાના લોકોને ભૂંડાઈમાં જીવવા દેવા માંગતો ન હતો.





રાજાને ચેતવણી
આપ્યા બાદ, ઈશ્વરે
એલીયાહને દેશની
એક શાંત જગ્યા
પર મોકલી દીધો.

ત્યાં ઝરણા પાસે તે રાહ જોતો બેસી ગયો. ઈશ્વરે તેને ભોજન આપવા માટે કાગડાઓને મોકલ્યા. તેઓ સવારે તથા સાંજે તેને માટે રોટલી અને માંસ લઈ આવ્યા. અને એલિયાહે ઝરણાનું પાણી પીધું.



થોડા જ
સમયમાં
ઝરણું સૂકાઈ
ગયું, કારણ કે
તે જગ્યામાં
વરસાદ
નહોતો.

ઈશ્વરનું વચન સાચું પડી રહ્યું હતું. આખા દેશમાં પાણીની ખૂબ જ
અછત હતી. તેના લીધે પાક પાક્યો નહિં. લોકો ભૂખ્યા થયા. કદાચ
તે વિચારતો હશે કે હવે પાણી સૂકાઈ ગયું છે. તેનું પોતાનું શું થશે.

ઈશ્વરે એલીયાહને કહ્યું કે, "ઉઠ, અને સારફાતમાં જા. અને ત્યાં રહે. જો મેં એક વિધવાને તારી જરૂરીયાતો પૂરી કરવા માટે આજ્ઞા આપી છે." ઈશ્વર તેના સેવકની જરૂરીયાતો જાણતો હતો. પણ કેવી વિચિત્ર રીતે તે વસ્તુઓ પૂરી પાડે છે. નમ્ર મને એલીયાહ ઈશ્વરની આજ્ઞાને



આધિન થયો. જ્યારે તે સારફાતમાં પહોંચ્યો ત્યારે તેણે એક વિધવાને શહેરના દરવાજા પાસે લાકડાં વીણતી તેડી.

“મારા માટે પ્યાલામાં થોડું પાણી લેતી
આવા” એલીયાહે તે સ્ત્રીને પૂછ્યું.
“મારા માટે નાનો રોટલીનો
ટુકડો પણ લેતી આવજે.”
“મારી પાસે રોટલી નથી.”
વિધવાએ જવાબ આપ્યો.
“એક ડબ્બામાં થોડો લોટ
અને કુંડીમાં થોડું જ
તેલ
છે.”



દુ:ખી થઈને, તે સ્ત્રીએ
પ્રબોધક એલીયાહને કહ્યું કે
જ્યારે આ ખલાસ થઈ જશે
પછી તે અને તેનો દીકરો
ભૂખે મરી જવાના હતાં.



“તું બીશ નહીં. તું મારા માટે એક નાની રોટલી બનાવી લાવ અને ત્યારબાદ તું તારા અને તારા દીકરા માટે બનાવ.” એલીયાહે કહ્યું. “જ્યાં સુધી પૃથ્વી પર ઈશ્વર વરસાદ નહીં મોકલે ત્યાં સુધી તારા ડબ્બામાંનો લોટ અને તારી કુંડીમાંનું તેલ ખૂટી જશે નહિં.” આ કરવા માટે ઈશ્વરને ચમત્કાર કરવો પડશે. અને તેણે તે પ્રમાણે કર્યું. તે સ્ત્રીએ અને તેના દિકરાએ ઘણા દિવસો સુધી ખાધું પણ તેમના ડબ્બામાંનો લોટ કે કુંડીમાંનુ તેલ
ખૂટી ગયું નહિં.



એલીયાહ તેમની સાથે ઘણા દિવસો રહ્યો. પણ એક દિવસે નિરાશા ભરી વાત બની. આ વિધવાનો દીકરો મૃત્યુ પામ્યો. એલીયાહ આ બાળકના મૃત દેહને ઉપરના માળની રૂમમાં લઈ ગયો. તેણએ ઈશ્વરને ખૂબ જ વિનંતીપૂર્વક પ્રાર્થના કરી. “ઓ યહોવા મારા ઈશ્વર, હું પ્રાર્થું છું કે આ બાળકનો આત્મા તેનામાં પાછો મોકલી આપ.” પ્રાર્થના દ્વારા શું અસંભવ છે?



ઈશ્વરે એલીયાહની પ્રાર્થના સાંભળી અને તે બાળકનો આત્મા તેનામાં પાછો આવ્યો. અને તે જાગૃત બન્યો. જ્યારે એલીયાહે તે બાળકને લઈને તેની માતાને પાછો આપ્યો ત્યારે તેણીએ કહ્યું કે, "હવે હું જાણું છું કે તારા મુખમાં રહેલા ઈશ્વરના શબ્દો સાચા છે."



ત્રણ વર્ષ પછી ઈશ્વરે એલીયાહને રાજા પાસે પાછો મોકલ્યો અને કહેવડાવ્યું કે, "હું પૃથ્વી પર વરસાદ મોકલીશ."



આહાબ પાસે જવાનું? તેની પત્ની યીઝીબેલ યહોવાહના ઘણા પ્રબોધકોને મારી નાખ્યા હતા. પણ એલીયાહે ઈશ્વર સાથે દલીલ ન કરી. તે આહાબ રાજા પાસે ગયો.



જ્યારે આ બે વ્યક્તિઓ
મળ્યા, ત્યારે એલીયાહે
આહાબને પડકાર આપીને
ઈસ્રાએલને તથા ૮૫૦ જૂઠા
પ્રબોધકોને એકઠા કરવા
માટે કહ્યું, તેઓ કાર્મેલ
નામે ઓળખાતા પહાડ પર
મળ્યા કે જ્યાં એલીયાહ
લોકો સાથે વાત કરી. "જો
યહોવા ઈશ્વર છે તેની
પાછળ આવો."



એલીયાહે બે ગોધાનું બલિદાન ચઢાવવા માટે તૈયારી કરી હતી. પણ તે સળગાવવા માટે અગ્નીનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. "તમે તમારા દેવના નામથી પ્રાર્થના કરો  અને હું મારા દેવના નામથી પ્રાર્થના કરીશ." તેણે તેમને જણાવ્યું. "જે ઈશ્વર અગ્નીથી ઉત્તર દેશે તે સાચો પરમેશ્વર કહેવાશે." તેણે તેમને જણાવ્યું. "જે તે બોલાએલી વાત બરાબર છે." લોકોએ જવાબ આપ્યો.



સવારથી સાંજ સુધી આ જૂઠા પ્રબોધકોએ તેમના જૂઠા દેવોને બોલાવવા પ્રયત્નો કર્યા.તેઓ કૂદ્યા અને નાચ્યા અને તેઓ છરીઓથી પોતાની જાતને ઘાયલ કર્યા, પણ અગ્ની આવી નહીં.





ત્યારબાદ એલીયાહે લાકડાં
અને બલિદાન પાણીમાં
પલાડ્યા અને તેણે પ્રાર્થના
કરી, “હે.યહોવા દેવ
મારી પ્રાર્થના સાંભળ,
જેથી આ લોકો જાણે કે તું
જ ખરો યહોવા ઈશ્વર છે.”
ત્યારબાદ આકાશમાં
ઈશ્વરની આગ વરસી. ત્યાં
મુકવામાં આવેલા લાકડા
અને ગોધાનું દહન થઈ
ગયું. ત્યાં રહેલા પત્થરો
પણ સળગી ગયાં.

જ્યારે લોકોએ આ જોયું ત્યારે પોકારી ઉઠ્યા કે, “યહોવા દેવ ઈશ્વર છે!” અને એલીયાહે કહ્યું, “બઆલના પ્રબોધકોને પકડો, તેઓમાંનો એક પણ છટકી જવા જોઈએ નહીં.” એલીયાહે જે કર્યું તે આહાબ રાજાએ ઘણા વર્ષો પહેલાં કરવું જોઈતું હતું. તેણે બધા જૂઠા પ્રબોધકોને મારી નાખ્યાં.



ત્યાર બાદ ઈશ્વરના સેવકે
આહાબને કહ્યું કે, વરસાદ
આવવાનો છે. થોડી જ વારમાં
નાના વાદળો દેખાવા લાગ્યા.
શું વરસાદ પડશે? ત્રણ વર્ષના
દુકાળ પછી?





થોડી જ વારમાં આકાશ
વાદળોથી કાળુ બની ગયું.
અને મુશળધાર વરસાદ
વરસ્યો. ઈશ્વરે વરસાદ
મોકલ્યો, ઈશ્વરે બતાવી
આપ્યું કે જે બાબત એલીયાહ
કરી રહ્યો હતો તે સાચી છે.
અહીં ઈશ્વરે બતાવી આપ્યું કે
તે એકલો જ ઈશ્વર છે.



શું તમે ધારો છો કે આ રાજા
આહાબે ઈશ્વર અને તેના
સેવકોને માન આપ્યું હશે?
ના! સાચે કહેતા તેની પત્ની
યીઝબેલે એલીયાહને મારી
નાંખવા માટે પ્રયત્ન કર્યો, પણ
તે ત્યાંથી નાસી ગયો. આખરે,
યુદ્ધના સમયે આહાબ યુદ્ધમાં
માર્યો ગયો. અને તેના
ચાકરોએ યિઝબેલને દિવાલની
ઉંચી જગ્યાઓમાંથી ફેંકી દીધી.
નીચે પડેલા પથ્થરો પર
અફડાઈને તે મરી ગઈ.



ત્યારબાદ એલીયાહનું શું થયું? એક
દિવસે ઈશ્વરે અગ્નિ રથ સાથે અગ્નિ ઘોડા
મોકલાવીને, જે ઈશ્વરનો અગ્નિનો માણસ
હતો, તેને વંટોળીયા સહિત સ્વર્ગમાં
ઉઠાવી લેવામાં આવ્યો.

# અગ્નિનો માણસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧રાજાઓ ૧૭-૧૯ ૨ રાજાઓ ૨

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬